# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી તા. 16-03-2022

પ્રજાના ટેક્ષના – સરકારી તિજોરીના કરોડો રૂપિયાના ખર્ચે ઉભી થયેલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી (NFSU), આઈ.આઈ.ટી. રામ (IITRAM), પી.ડી.ઈ.યુ. (PDEU) માં મોટા પાયે અનિયમીતતા, ગેરવહિવટ, મનસ્વી નિમણુંકો કરનાર સત્તાધીશો સામે પ્રધાનમંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી સહિતના પદાધિકારીઓને વિસ્તૃત રજુઆત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા અને શિક્ષણવિદ ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, **ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી (NFSU), આઈ.આઈ.ટી. રામ (IITRAM), માં યુ.જી.સી.ના ધારાધોરણનો ખુલ્લે આમ ઉલ્લંઘન કરીને** ડાયરેક્ટર જનરલ, પ્રોફેસર, ફેકલ્ટી, રજીસ્ટ્રાર અને ડીન સહિતની અનેક નિમણૂકો મનસ્વી રીતે કરવામાં આવી છે. ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી (NFSU)માં ખાસ વગ ધરાવતા વ્યક્તિઓની ઉંચા પગારે વિશેષ નિમણુંકો કરવામાં આવી છે અને માનવ સંશાધન મંત્રાલયના નિયમોને નેવે મુકીને ખાસ પ્રમોશન અપાયા છે. યુનિવર્સિટીએ કોઈપણ સૂચના જારી કર્યા વિના અને અરજીઓ આમંત્રિત કર્યા વિના લાખો રૂપિયાના પગાર પર નિમણૂકો બારોબાર કરવામાં આવી રહી છે. **લાગતા, વળગતા અને નજીકના લોકોને બારોબાર નીતિ – નિયમો નેવે મુકીને નિમણુંકો અપાય ત્યારે આવી અગત્યની શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક વાતાવરણ કઈ રીતે વિકસીત થાય ? શું આ રીતે ગેરરીતિ – ગેરવહિવટ કરતી સંસ્થાઓ રાષ્ટ્રીય સ્પર્ધામાં શૈક્ષણિક માપદંડોમાં આગળ વધી શકશે ? શું આ રીતે ભણશે ગુજરાત ?**

આઈ.આઈ.ટી. રામ (IITRAM) માં ડાયરેક્ટર જનરલ માટે 51 અરજી સામે એક પણ ઉમેદવારની નિમણુંક ન કરી અને બીજી બાજુ આ અરજી પૈકીના એક ઉમેદવારને રાતોરાત બીજા પદ ઉપર પસંદ કરીને વિશેષ તરફેણ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ વધુમાં જણાવ્યું હતું કે, **જુનિયર ફેકલ્ટીઓની ડીન તરીકે નિમણૂકોમાં યુજીસીના ધોરણોનું અને સંસ્થાના કાયદાઓનું પણ ઉલ્લંઘન કરીને નિમણુંકો અપાય જેના લીધે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા અધ્યાપકોમાં મોટા પાયે નિરાશા અને આક્રોશ જોવા મળે તે સ્વાભાવીક** છે. ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી (NFSU), આઈ.આઈ.ટી. રામ (IITRAM), પી.ડી.ઈ.યુ. (PDEU) માં પ્રાધ્યાપકો, વહિવટી કર્મચારીઓની ખુલ્લી જાહેરાત અને ઇન્ટરવ્યુ જેવી કોઈપણ પ્રક્રિયાને અનુસર્યા વિના નિમણુંક કરવામાં આવે તે શૈક્ષણિક સંસ્થા માટે કેટલું વ્યાજબી ગણાય ? ડીનની બઢતી અને નિમણુંક અંગે હાલમાં નામદાર વડીઅદાલતમાં પડકારવામાં આવી છે, સબ-જ્યુડીસ કેસ છે. ફોરેન્સીક યુનિવર્સિટી (NFSU), આઈ.આઈ.ટી. રામ (IITRAM), પી.ડી.ઈ.યુ. (PDEU) માં સ્વાયતતાના નામે મોટા પાયે ગેરરીતિ, મનસ્વી નિર્ણય, લાયકાતને અવગણીને બારોબાર નિમણુંકો કરવામાં આવી રહી છે. પ્રજાના ટેક્ષના – સરકારી તિજોરીના કરોડો રૂપિયાથી સ્થપાયેલ **ફોરેન્સીક યુનિવર્સિટી (NFSU),** આઈ.આઈ.ટી. રામ **(IITRAM),** પી.ડી.ઈ.યુ. **(PDEU) માં ચાલતી ગેરરીતિ, મનસ્વિ નિર્ણયોની તાત્કાલીક તપાસ થાય અને શૈક્ષણિક સંસ્થાઓમાં ગેરરીતિઓ અટકે, પારદર્શક રીતે શૈક્ષણિક વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો જ ગુજરાતની આ સંસ્થાઓ સાચી રીતે રાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધામાં ટકી શકશે** અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સારૂ શૈક્ષણિક વાતાવરણ ઉપલબ્ધ થશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા